आन्तर्राष्ट्रिय पुष्टिमार्गीय वैष्णव परिषद्

ते हि सन्मार्ग रक्षकाः

‘‘परिषद् का प्रत्येक कार्य भी भगवद्‌सेवा है’’

प्रथम पीठाधीश्वर
पू.पा.गो. रणछोड़ाचार्यजी ‘‘प्रथमेश’’

શ્રીસૂરદાસજી

ભાગ-૧

:: લેખક ::

ડૉ. પીયૂષ પરીખ

પ્રાક્કથન

આં.રા.પુ.વૈ. પરિષદ ભરૂચ શાખા, હરિ, ગુરુ અને વૈષ્ણવોની સુચારુરૂપથી સેવા કરવા કટિબદ્ધ થઈ છે. તે શ્રીમહાપ્રભુજીના અનુગ્રહનું પ્રમાણ છે.

સાંપ્રતકાળમાં કાલ પ્રભાવથી ધૈર્ય રહેતું નથી. સહન શક્તિનો હ્રાસ થઈ રહ્યો છે. તમામ ક્ષેત્રોમાં આ દૃશ્યમાન છે. આ તબક્કે સૂરદાસજીની શીખ યાદ આવી, ''સહન બરાબર રહન નહીં, અય મન કરલે સહન. સહન સબનકો સાર હૈ, સૂરદાસકી કહન.''

આ પુસ્તિકા દ્વારા સૂરદાસજીનું અલ્પ ચરિત્ર તથા શ્રીવલ્લભ કથિત ધૈર્યનું નિરૂપણ કર્યું છે.

પરિષદના યુવા સભ્યોની માંગ હતી કે મારે આ નાટય પ્રસંગે એક પુસ્તિકા લખી સમાજને અર્પણ કરવી. જ્યારે પ.પૂ.ગો. ૧૦૮ શ્રી વાગીશકુમારજી મહોદય (શ્રીકાંકરોલી યુવરાજ)ના વરદ હસ્તકમળથી આ પુસ્તિકાનું વિમોચન થતું હોય તે માટે મારે સૌભાગ્ય

ચિહ્ન છે. ઋણી છું આપ શ્રીમાનોનો. આ પુસ્તકા આપશ્રીને અર્પણ કરું છું.

પરિષદના કાર્યક્રમમાં મદદરૂપ થનારાં સર્વે જનોનો અંતઃકરણ પૂર્વક આભારી છું.

પીયૂષ પરીખના
સમસ્ત વલ્લભકૂળને દંડવત્ પ્રણામ
સમસ્ત વૈષ્ણવ સમાજને ભગવદ્સ્મરણ

અય મન ! કરલે સહન

સહન બરાબર રહન નહીં, અય મન કરલે સહન
સહન સબનકો સાર હૈ, યે સૂરદાસ કી કહન.

-સૂરદાસજી

સહન કરવાની બરાબરી કરે તેવી કોઈ રહેણી-કરણી નથી. સાર નો પણ સાર છે સહન કરવું તે. માટે એ મન! તું સહન કર. સૂરદાસજી આ અનુભવ સિદ્ધ સિદ્ધાંત સમજાવે છે.

સૂરદાસજીથી કોણ અજાણ હોય ?

એક ઉચ્ચકોટિના કવિ, ઉત્કૃષ્ટ કૃષ્ણ ભક્ત, શ્રીવલ્લભાચાર્યજીના સેવક, શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણો (શ્રીગુસાંઈજી) દ્વારા સ્થાપિત ''અષ્ટછાપ''ના એક મહાનુભાવ -

મથાળે દર્શાવેલી તેઓની અનુભવ વાણીને વાગોળીએ તો પૂર્વ તેઓના જીવન કવન પર

વિહંગાવલોકન કરીએ. તો જ તેઓના આ ઉદ્ગારોના ઉદ્ગમનું કારણ સમજાઈ જશે.

આજથી આશરે ૫૨૫ વર્ષ પૂર્વનો સમય છે. દિલ્લીથી ચાર કોસ દૂર એક ગામડું છે. નામ તેનું સીહીં. એમ કહેવાય છે કે પરીક્ષિત રાજાના દિકરા જન્મેજયે આ સ્થળે જ સર્પ-યજ્ઞ કર્યો હતો. આ ગામમાં એક સારસ્વત બ્રાહ્મણ તેની પત્ની સાથે રહેતો હતો. તે અત્યંત ગરીબ હતો. ભાગ્યું તૂટ્યું એ ખોરડું રહેવા માટે હતું. આ બ્રાહ્મણને ત્યાં ત્રણ બેટાઓનો જન્મ થયો હતો. ભરણ-પોષણ અત્યંત કઠિનતાથી ચાલતું હતું. આવા વખતે તે ઘરમાં ચોથા બાળકનો જન્મ થયો. વિધાતા જાણે કે પડતાને પાટુ મારતી હોય તેમ આ બાળક જન્મથી જ અંધ હતો. તેને જોઈને મા-બાપે કપાળ કુટયું. આ બાળકની ચાકરી કોણ કરશે ? તેવી ચિંતા થઈ. ભવિષ્યના પ્રેમલક્ષણા ભક્તિ માર્ગના આ પ્રવાસીને ઘરમાં કોઈ જ પ્રેમ કરવા તૈયાર નથી. અરે કોઈ વાત પણ કરતું નથી.

ઉપેક્ષિત આ બાળક હવે છ વર્ષનો થયો. એક વાર આ બ્રાહ્મણના ધનવાન ક્ષત્રી યજમાને બે સોના મહોર

દાનમાં આપી. બ્રાહ્મણ રાજી થતો અને આ બે સોના મહોરથી શું કરીશ ? તેવા મનસુબા ઘડતો ઘરે આવ્યો. સર્વે ને આ મહોરો બતાવી. રાત્રી થઈ હતી. ઘરમાં સોના મહોરો ક્યાં સંતાડવી ? બ્રાહ્મણે આ બે મહોરો એક ચીંથરામાં બાંધી બીજા સામાન સાથે મૂકી. રાત્રે એક ઉંદર આ ચીંતરાને ઘરની છતમાં એક દરમાં ખેંચી ગયો.

બીજા દિવસની સવાર સૂરદાસજીના માતા-પિતા માટે ક્લેશ યુક્ત બની. સોના મોહોર તેની જગ્યાએ ન હતી. બંને વિલાપ કરવા લાગ્યા. ખાધું-પીધું પણ નહીં. માતા-પિતાના આવા વલોપાતને જોઈ સુરદાજી કહેવા લાગ્યા કે ભગવાનનું ભજન અને સ્મરણ કરો. તેનાથી સઘળું સારું થશે.

આમે ય માતા-પિતા સૂરદાસજીથી નારાજ હતા અને પાછું સૂરદાસજીએ આવું સૂચન કર્યું. બંને સૂરદાસજીને મહેણાં મારવા લાગ્યા કે જે દિવસે તારો જન્મ થયો તે દિવસથી અમે દુઃખમાં જ જીવીએ છીએ. એક પણ દિવસ અમને સુખ મળ્યું નથી. પેટ ભરીને ભોજન પણ મળ્યું નથી. તું અંધ જન્યો, અમારા ભાગ્યમાં પણ

અંધારું છવાયું. આવેલી બે સોનામહોરો પણ જતી રહી.

બાળ સૂરદાસજીમાં જન્મથી વૈરાગ હતો. આજે ભગવાને ઘર ત્યજી દેવા માટે એક મિષ (બહાનુ) કર્યું હતું. સૂરદાસજી માતા-પિતાને કહે છે કે તમારી સોના મહોર ક્યાં છે ? તે હું બતાવી દઉં પણ એક શરત પાળો તો. ગરજવાનને અક્કલ ન હોય. માતા-પિતા શરત પાલન માટે તૈયાર થયા. સૂરદાસ કહે છે કે, ''તમે મને ઘરમાં ન રાખો તો કહું.'' માતા-પિતાના હૃદયમાં વાત્સલ્યના ઝરણા સૂકાઈ ગયા હતા. તે કહેવા લાગ્યા અમારી મહોરો બતાવ, બાદમાં તારે જે કરવું હોય તે તું કરજે.

સૂરદાસજીએ ઉંદરના દરની નિશાની આપી. મહોરો મળી. માતા-પિતાનું જીવન જાણે મહોરી ઉઠયું. તે સમયે સૂરદાસ ઘરમાંથી નીકળી ગયા. સંપત્તિતો મળી પણ સન્મતિવાળી સંતતિ ગઈ. પુત્ર માટે શુદ્ધ સ્નેહ તો હતો નહીં પણ શુકન જોવાની સુરદાસની શક્તિ જોઈને માયાએ પુત્ર માટે મોહ ઉત્પન્ન કરી દીધો. બંને સૂરદાસને ઘર ન છોડવા પ્રલોભનો આપવા લાગ્યા. સૂરદાસજીને કંચનમાં નહીં પણ કાંચનવર્ણા સ્વામિનીજીના સ્વામીમાં સ્નેહ હતો.

માતા પિતાને એવું કહીને ચમકાવી દીધા કે મને જો ઘરમાં રાખશો તો આવેલી, ખોવાયેલી અને ફરી મળેલી મહોરો પાછી જતી રહેશે. તમે દુઃખી થશો, માતા-પિતા ચૂપ થઈ ગયા. સૂરદાસને અટકાવ્યા નહીં અને સૂરદાસજી છ વર્ષની ઉમરે એક હાથમાં લાકડી લઈ અને હૃદયમાં કૃષ્ણને ઘરીને ઘરમાંથી સદાય માટે ચાલી નિકળ્યા. દિલ્હીથી ચાર કોસ દૂર એક ગામના ગોંદરે અટક્યા. ચારનો આંક ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોનો સૂચક છે. પોતાના પણ ચાર પુરુષાર્થો હવે સિદ્ધ થશે તેમ સૂરદાસજીની દૃઢ માન્યતા હતી. ગામના ગોંદરે એક તળાવ હતું. તેના કિનારે એક પીપળાનું વૃક્ષ હતું. પીપળો તો ભગવાનની વિભૂતિ છે. શ્રીગીતાના દશમા વિભૂતિ યોગમાં શ્રીકૃષ્ણચંદ્ર કહે છે, ‘‘અશ્વત્થઃ સર્વવૃક્ષાણાં....’’ અર્થાત્ બધા વૃક્ષોમાં પીપળાનું વૃક્ષ હું છું. વિભૂતિ તો ભવભિતિ ટાળવાના વરદાનને વર્ષાવનાર વિભુના વિયોગને વિક્ષિર્ણ કરનાર છે.

તળાવનું જળ પીને પીપળાના વૃક્ષની છાયામાં સૂરદાસજી બેઠા. દિનમણિ સૂર્યના કિરણો મંદ થવાની

શરૂઆત થઈ રહી હતી. તે વખતે તે ગામનો જમીનદાર ત્યાં આવ્યો. તે બ્રાહ્મણ હતો. સૂરદાસને તે જાણતો હતો. સૂરદાસે ઘર છોડયાનો પ્રસંગ તેણે સાંભળ્યો હતો. તેણે સૂરદાસને કહ્યું, ''મારી દસ ગાય ખોવાઈ ગઈ છે. ત્રણ દિવસથી મળતી નથી. મને કોઈ તે ગાયો બતાવી દે તો તેને હું બે ગાય ભેટમાં આપું''. સૂરદાસજી કહે છે, ''મારે તારી ગાયનું શું કરવાનું ? પણ તમે પૂછયું છે તો કહું છું કે તમારી ગાયો અહીંથી ૧ કોષ (૧ કોષ = આશરે ૩ માઈલ) દૂર એક ગામડામાં છે. તે ગામના જમીનદારના માણસો રાત્રિના આવી તારી દસ ગાયો લઈ ગયા છે. તે જમીનદારના ઘરની અંદર એક બીજું ઘર છે. તેમાં તે ઘોડા બાંધે છે. તે સ્થળે તારી ગાયો બાંધેલી છે.'' ગાયોનો માલિક જમીનદાર દસ માણસો લઈ સૂરદાસે ચિંધેલી જગ્યાએ ગયો. ત્યાંથી ગાયો પાછી લઈને આવ્યો. આવીને સૂરદાસને કહ્યા પ્રમાણે બે ગાયો આપવા લાગ્યો.

સૂરદાસજી કહે છે, ''શ્રી ઠાકોરજીના આશ્રયે જીવું છું. તેથી તો ઘર છોડયું. તારી ગાયોને શું કરવા લઉં ?'' જમીનદારે સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો ત્યારે

સૂરદાસજી તેનો પ્રતિસાદ આપે છે કે મેં નારાયણના ભરોસે ઘર છોડયું છે તારા ભરોસે નહીં. નારાયણ સકલ જગતનું પાલન કરે છે, મારું પણ કરશે અને બનવા કાળ બધું બનશે.

સૂરદાસજીની દઢતા જોઈ બ્રાહ્મણ ઘરે ગયો. ભોજન સિદ્ધ (તૈયાર) કરીને લઈ આવ્યો. દૂધ અને જલ ભરીને આપ્યા. પાછા ફરતાં ફરતાં જમીનદારે પૂછયું કે તારી ઈચ્છા ક્યાં રહેવાની છે? સૂરદાસજીએ તળાવ કિનારે પીપળાના વૃક્ષ નીચે થોડાં દિવસ રહેવાની ઈચ્છા બતાવી. જમીનદારે રહેવા એક ઝુંપડી બંધાવી આપી. દેખભાળ માટે એક નોકર મૂક્યો અને કહ્યું કે જ્યાં સુધી ભગવાન મને ખાવાનું આપશે ત્યાં સુધી હું તારા માટે ભોજન લાવ્યા કરીશ.

સહજ મનુષ્ય સ્વભાવ વશ, જમીનદાર હવે બીજા મનુષ્યો આગળ સૂરદાસજીની શક્તિ અને તેણે સૂરદાસજી માટે કરેલી રહેવા અને ખાવાની વ્યવસ્થાની જાહેરાત કરવા લાગ્યો. દુનિયામાં લગભગ બધાને દુ:ખોના જ દર્શન થતા હોય છે. દરેકને પ્રાય: પોતે જ વધુ દુ:ખી હોય તેવું

સમજાતું હોય છે. દુઃખો-તકલીફો દૂર કરનાર જાદુગરો માટે કુતુહલ રહેતું હોય છે જ.

સૂરદાસજી પાસે ગામ હવે ઉમટવા લાગ્યું. દરેકના દુઃખ-દર્દોના ઈલાજ થવા લાગ્યા. સૂરદાસ બોલે તે પ્રમાણે બનતું. ધીરે ધીરે સૂરદાસની ઝૂંપડીની જગ્યાએ એક મોટું ઘર બની ગયું. ખૂબ વૈભવ જમા થવા લાગ્યો. ઘણા મનુષ્યો સૂરદાસના સેવક થયા. સૂરદાસજી પાસે કંઠી બંધાવી. સૂરદાસજી હવે સ્વામી તરીકે ઓળખાવા લાગ્યા. તેઓ વિરહના પદો ગાતા. પોતાના સેવકોને સંભળાવતા. વાજિંત્રો વગાડનારા અને વાજા પેટી વગેરે સરંજામ પણ ભેગો થવા લાગ્યો. સૂરદાસજી પાસે ખૂબ ભીડ જમા થવા લાગી. સૂરસ્વામીની પૂજા થવા લાગી.

ઘણું કરીને મનુષ્ય જ્યારે પૂજાતો થાય છે ત્યારે તે (બગવાનની) પૂજા છોડી દેતો હોય છે. હવે તેઓ ૧૮ (અરાઢ) વર્ષના થયા હતા. સંસારની માયાએ ગ્રસી લીધા હતા. વૈરાગ્ય વિસરાઈ ગયો હતો. ભગવાન પોતાના જનોનું હંમેશ કલ્યાણ વિચારે છે. એક રાત્રિએ પ્રભુએ તેમના મન અને બુદ્ધિને પ્રેર્યા. તેમણે વિચાર્યું કે વૈરાગ્ય

કરી ઘર છોડયું. પ્રભુનો જશ વધારવો હતો પણ હું તો મારો જશ વધારવામાં પડયો. મારો બગાડ થયો. રાત આખી શ્રેય માટે મનોમંથન ચાલ્યું. પ્રાતઃ કાળના સૂર્ય ઉદયે હૃદયના અજ્ઞાનરૂપી તિમિરને પણ વિદારી દીધું. તેમણે પોતાના માતા-પિતાને બોલાવી દીધા. ઘર તેમને જ સોંપી દીધું. વૈભવ પણ સોંપી દીધો. માત્ર એક વસ્ત્ર પહેરી અને લાકડી લઈ ત્યાંથી ચાલી નીકળ્યા. સંસાર રહિત સેવકો તેમની સાથે ચાલ્યાં.

વ્રજએ ભગવાનનું ધામ છે, એવા વિચારે તેઓ મથુરા વિશ્રાન્ત ઘાટે આવ્યા. તેમણે વિચાર્યું કે અહીં રહીશ તો અહીં પણ બધા સુખ પ્રાપ્ત કરવા આવશે. આથી અહીં પણ મારું માહાત્મ્ય જ વધશે. આથી અહીં રહેવું ઉચિત નથી. તેઓ મથુરા અને આગ્રાની વચ્ચે યમુના તીરે ગઉઘાટ ઉપર રહ્યા. અહીં પણ સુંદર કંઠથી ભજનો ગાતા. બધાને શુકન બતાવતા. અહીં પણ ઘણા લોકો સૂરદાસજી પાસે આવવા લાગ્યા. અહીંથી સૂરદાસ જગતમાં પ્રસિદ્ધ થયા.

કેટલાક દિવસો વ્યતિત થયા. એક દિવસ શ્રીવલ્લભાચાર્યજી ગઉઘાટ પર પધાર્યા. આપશ્રી અડેલથી

વ્રજ તરફ પધારી રહ્યા હતા. સાથે આપશ્રીના સેવકો પણ હતા.

આ સમયે સૂરદાસજીનો એક સેવક પણ આવ્યો હતો. તેણે શ્રીવલ્લભાચાર્યજી પધાર્યાની વધાઈ આવીને સૂરદાસજીને આપી. શ્રીવલ્લભાચાર્યજીએ કાશી તથા દક્ષિણમાં માયાવાદનું ખંડન કરી ભક્તિમાર્ગ સ્થાપ્યો છે તેવું માહાત્મ્ય પણ સંભળાવ્યું. આ સાંભળી સૂરદાસજી શ્રીવલ્લભાચાર્યજીના દર્શન માટે આવ્યા. શ્રીઆચાર્યજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

શ્રીઆચાર્યજીએ સૂરદાસજીને ભગવાનના જશનું વર્ણન કરવા કહ્યું. સૂરસાદજી પોતાના દોષોનું વર્ણન ગાવા લાગ્યા કે મારા જેવો પતિતોમાં શ્રેષ્ઠ કોઈ નથી. હે ભગવાન! જન્મ જન્મનો પતિત છું. પણ આપે પેલા શિકારી, અજામિલ, પૂતના અને ગણિકાનો ઉદ્ધાર કર્યો છે. અમારા જેવાઓને શુદ્ધ-પવિત્ર કરવાનું સામર્થ્ય માત્ર આપમાં જ છે. મને પણ આપનો બનાવી લો.

શ્રીમહાપ્રભુજીએ સૂરદાસજીનું આ ગિડગિડાવું ગમ્યું નહીં. આપે કહ્યું તૂં તો સૂર (શૂરવીર) છે. આવી કાયર

વાણી અને ઘિઘિયાટપણું યોગ્ય નથી. મેં તો ભગવાનની લીલાના વર્ણન માટે કહ્યું હતું. સૂરદાસજીએ સ્વીકાર્યું કે મને તેની સમજ નથી.

શ્રી મહાપ્રભુજીતો સૂરદાસજીના સ્વરૂપને જાણતા હતા. રાખને ખંખેરીને તણખાને પુનઃ પ્રકાશિત કરવાનો હતો. શ્રીમહાપ્રભુજીએ સૂરદાસજીને શરણે લીધા. બ્રહ્મસંબંધ આપ્યું. તે દ્વારા પ્રભુને સમર્પણ કરાવ્યું. સૂરદાસજીને એક ઉત્કૃષ્ટ અને સર્વશ્રેષ્ઠ માર્ગીય પદોના રચયિતા તરીકેનો ઘાટ આપવા શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીભાગવતના દસમાં સ્કંધની અનુક્રણિકા સંભળાવી. ભગવાનની લીલાના પદોના સર્જન માટેનું આ રીતે બીજ હ્રદયભૂમિમાં સ્થાપી દીધું. શ્રીમહાપ્રબુજીનો અનુગ્રહ તરત ફલિત થયો.

''નમામિ હ્રદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્,
લક્ષ્મી સહસ્ર લીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્''

આ શ્લોક સૂરદાસજીએ સાંભળ્યો. આના ભાવ અનુસાર તરત એક પદ શ્રીમહાપ્રભુજીને સંભળાવ્યું.

''ચકઈરી ચલ ચરન સરોવર જહાં નહી પ્રેમ વિયોગ''. સૂરદાસજી પ્રેમ સ્વરૂપ પ્રભુના ચરણ સરોવરે જવાની ઈચ્છા કરે છે. સરોવરમાં કમળ ખીલે. પોતાનું હૃદય કમળ પણ પ્રભુ પ્રેમ માટે વિકસીત કરવા ઈચ્છે છે. અહીં પ્રભુનો વિયોગ નથી. આવા પ્રભુ માટે જ હમણાં સુધી તેઓ તલસ્યા છે, તરફડયા છે. હવે વિષયરસ છાશ જેવા ક્ષુલ્લક બની ગયા છે. હવે તો પ્રેમ સમુદ્રની જ આશા છે. આ સમુદ્રમાં પ્રભુ બિરાજ્યા છે. હજારો વ્રજાંગનાઓ પ્રભુને - કલાનિધિને સેવી રહ્યા છે.

સુબોધિનીજીમાં ગાયેલી પ્રભુની સઘળી લીલાઓ સૂરદાસજીને સ્ફૂરી. પ્રસન્ન થયેલ શ્રીમહાપ્રભુજીએ જાણ્યું કે હવે સૂરદાસજીને પ્રભુલીલાનો અભ્યાસ થયો. એટલે આજ્ઞા કરી કે હવે નંદાલયની લીલા ગાવો. તરત જ સૂરદાસજીએ નંદમહોત્સવનું વર્ણન કરતી એક મોટી વધાઈ ગાઈ -

''વ્રજ ભયો મહરી કે પૂત જબ યહ બાત સુની;
સુની આનંદે સબ લોગ ગોકુલ ગનિત ગુની.''

સૂરદાસજીને પ્રત્યક્ષ નંદમહોત્સવના દર્શન થઈ રહ્યા હતા. તેમણે નંદબાબાના ઘરનું વર્ણન કર્યું. અહીં સુધી શ્રીઆચાર્યજી સાંભળતા રહ્યા. કંઈ જ ન બોલ્યા. હવે સૂરદાસજીએ ગોપીજનોના ઘરનું વર્ણન શરૂ કર્યું. પણ વ્રજભક્તોનો આનંદ તો ભગવદીયોના હૃદયને અનુભવવા માટે છે. તેનો બહાર પ્રકાશ ન કરાય. આ સમજ સૂરદાસજીને આપતા સજાગ આચાર્યજી સૂરદાસને ગાતા અટકાવી છેલ્લે ગાય છે - ''સુન સૂર સબનકી યહ ગતિ જો હરિ-ચરન ભજે.''

સૂરદાસજીને આ વખતે એક પરિતાપ હતો કે જે મારા સેવકો થયા તેમની ગતિ હવે શું થશે ? ત્યારે શ્રી આચાર્યજી સાંત્વન દે છે કે 'સુન સૂર! સબન કી યહ ગતિ જિન હરિ ચરન ભજે.''

શ્રીમહાપ્રભુજીએ હવે સૂરદાસજીનો 'પુરુષોત્તમસહસ્ર' નામનો ગ્રંથ સંભળાવ્યો. આપશ્રીએ આ ગ્રંથ શ્રીભાગવત પરાયણ પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજી માટે પ્રકટ કરેલો. આમાં શ્રીભાગવતના બાર સ્કંધોમાં પ્રભુલીલા વર્ણનના ૧૦૭૫ નામો પ્રગટ કર્યા છે.

શ્રીમહાપ્રભુજી જેવા સંભળાવનાર હોય અને સૂરદાસજી જેવા સાંભળનાર હોય પછી શું કહેવાનું ? સૂરદાસજીના હૃદયમાં શ્રી ભાગવતના બારેય સ્કંધોની લીલા સ્ફૂરિત થઈ જે જુદા જુદા કીર્તનોના વર્ણનથી સૂરદાસજીએ ગાયા છે. પોતાના તમામ સેવકોને શ્રી આચાર્યજીના સેવક કર્યા. શ્રીમહાપ્રભુજી સાથે સૂરદાસજી વ્રજમાં આવ્યા. શ્રીગોકુલના દર્શન કર્યા. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. આ સાથે જ સૂરદાસજીએ શ્રીગોકુલની લીલાનું સ્મરણ થયું. શ્રીનવનીત પ્રિયાજીની શ્રીગોકુલની બાળલીલાનું વર્ણન કર્યું. ‘‘શોભિત કર નવનીત લિયે.’’ શ્રીમહાપ્રભુજીને પ્રસન્ન જોઈ સૂરદાસજીએ બાળલીલાના બીજા પદો પણ આપશ્રીને સંભળાવ્યા.

પુષ્ટિસ્થ પ્રભુની પ્રમાણ લીલાથી પ્લાવિત થયેલ સૂરદાસજીને હવે પુષ્ટિસ્થ પ્રભુની પ્રમેય લીલા પ્રકટ કરવા શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં (ગોપાલપુર - હાલનું જતિપુરા) લઈ જવા શ્રીમહાપ્રભુજી વિચારી રહ્યા છે. શ્રીગિરિરાજ ઉપર શ્રીનાથજી બાવાનું મંદિર સિદ્ધ થયું છે હવે ત્યાં સેવાનો પ્રકાર શરૂ કરવો રહ્યો.

સેવા તો રાગ, ભોગ અને શૃંગાર યુક્ત છે. રાગ-સંગીત-કીર્તનનું સ્થાન પ્રથમ અને ચરમ છે. રાગ પ્રભુમાં અનુરાગ કરાવે છે. રાગ હોય તો જ પ્રભુ ભોગ અંગીકાર કરે અને શૃંગાર ધારણ કરે.

શ્રીમહાપ્રભુજી હવે સૂરદાસજીને શ્રીનાથજીની પાસે રાખે છે. આનાથી મંગળા થી શયન સુધીના સમય સમયના કીર્તન સર્જાતા રહે.

આર્ષદૃષ્ટા શ્રીવલ્લભ આવનારા યુગના જીવોને કૃતાર્થ કરવા માંગે છે. આપશ્રી માને છે કે સૂરદાસજીના પદો ગાનારા પણ કૃતાર્થ થશે. શ્રીસુબોધિનીજીમાં શ્રીઆચાર્યચરણો આજ પ્રકારની આજ્ઞા કરે છે. ''અગ્રેઽપિયે ભવિષ્યન્તિ કીર્તનાત્ યદા તદા'' શ્રીવલ્લભ સૂરદાસજીને લઈ ગોવર્ધન પધાર્યા. શ્રી નાથજીના દર્શન કરાવ્યા. આજ્ઞા કરી કે કીર્તન ગાવો. સૂરદાસજીએ દર્શન કર્યા શ્રીજીબાવાના અદ્‌ભૂત દર્શન થયા.

જીવે પ્રભુથી વિખુટો પડે છે ત્યારે તેને માયા-અવિદ્યા-અધ્યાસનો સંબંધ થાય છે. જ્યાં સુધી જીવ બ્રહ્મમાં

છે ત્યાં સુધી તો તે પણ સચ્ચિદાનંદરૂપ છે. પ્રભુ ઈચ્છાથી જ્યારે જીવ વ્યુચ્ચરિત થયો (છૂટો પડ્યો) ત્યારે માયાના સંબંધથી તેનામાં પાંચ પ્રકારની અવિદ્યા (અજ્ઞાન-અધ્યાસ)ઓ પ્રવેશી ગઈ. (૧) દેહાધ્યાસ - આ મારું શરીર છે. હું જાડો છું, પાતળો છું, રૂપાળો છું, કદરૂપો છું વગેરે. (૨) ઈન્દ્રિયાધ્યાસ - હું દેખું છું, અંધ છું, સાંભળું છું, બહેરો છું એવું માનવું ઈન્દ્રિયાધ્યાસ છે. (૩) પ્રાણાધ્યાસ - હું ભૂખ્યો છું, હું તરસ્યો છું તેવું અનુભવવું. (૪) અંતઃકરણાધ્યાસસ - હું કરું છું, હું જાણું છું. આવી માન્યતા (૫) સ્વરૂપ વિસ્મૃતિ - જીવ ભગવાનનો અંશ છે, દાસ છે તે ભૂલી જવું. પોતાને અમુક વ્યક્તિ વગેરે રૂપે ગણી લેવું.

બધા જ જીવો ભગવાનમાં હતા ત્યારે સાકાર, ભગવદ્રૂપ હતા. તેમનામાં પણ ભગવાનની જેમ છ ભગ (ગુણ) હતા. (૧) ઐશ્વર્ય, (૨) વીર્ય (૩) યશ, (૪) શ્રી, (૫) જ્ઞાન, (૬) વૈરાગ્ય. તે વખતે તે બધા આત્મા હતા. ભગવાનથી છૂટા પડયા પછી ઉપરના ધર્મો પ્રકટ ન રહ્યા. આત્મા હવે જીવ બન્યો.

(૧) ઐશ્વર્ય જવાથી (તિરોહિત થવાથી) દીનતા અને પરાધીનતા આવ્યા. (૨) વીર્યના તિરોધાનથી બધા દુઃખો સહન કરવાના થયા. (૩) યશના અપ્રકટ થવાથી સર્વ પ્રકારની હીનતા થઈ. (૪) શ્રીનો અનુભવ જતાં જન્મ વગેરે સર્વ આપત્તિ આવી. (૫) જ્ઞાન અવ્યક્ત થતાં અહં બુદ્ધિ આવી. (૬) વૈરાગ્ય અદૃશ્ય થતાં વિષયોમાં આસક્તિ થઈ.

સૂરદાસજીને પોતાના તથા અન્યજનોના જીવનમાં ઉપર મુજબના થતા ફેરફારોનો અનુભવ છે. શ્રીનાથજીબાવાના દર્શને જ્ઞાન થયું. વિદ્યા પ્રકટી. અધ્યાસ દૂર થયા, અજ્ઞાન રૂપી નિબિડ અંધકાર સ્વયંપ્રકાશિત પ્રભુના સ્વરૂપબલથી ઓગળી ગયો. સૂરદાસજી વિચારે છે કે કામ અને ક્રોધ રૂપી વસ્ત્રો પહેર્યા. ગળામાં વિષયરૂપી કંઠી બાંધી અને પછી ખૂબ નાચ્યો. નાચતી વેળા મહામોહના નૂપુર બાંધ્યા. લોકોની નિંદા રસાળ લાગવા લાગી. મનમાં ભ્રમો થવા લાગ્યા. તૃષ્ણાઓ અવાજ કરવા લાગી. માયારૂપી ફેંટો કેડે બાંધ્યો અને લોભ રૂપી તિલક લલાટે દીધું. ''અબ મૈ નાચ્યો બહુત ગોપાલ''.

સૂરદાસજી હવે શ્રીનાથજીને વિનવે છે હે ગોપાલ ! આ રીતે સ્થળ અને કાળ ભૂલી ખૂબ નાચ્યો. અવિદ્યાના લીધે જ સ્તો. માટે હે નંદલાલ મારી અવિદ્યા હવે દૂર કરો. શ્રીવલ્લભે જે પળથી સૂરદાસજીને સ્વીકાર્યા છે તે પળથી અવિદ્યા વિદાય થઈ ગઈ છે પણ ભગવદીયોનું આ જ લક્ષણ છે કે તે પોતાને હીન કહે છે.

જે પોતાની વડાઈ કરે છે તે ભગવાનથી બહિર્મુખ છે. આથી જ શ્રીવલ્લભે ફરી એક વાર આજ્ઞા કરી કે તારી અવિદ્યા રહી નથી. હવે ભગવાનની લીલાનું ગાન કરો. આ લીલાગાનમાં ભગવાનનું માહાત્મ્ય હોય અને સ્નેહ પણ હોય. તે જ પળે સૂરદાસજી ગાય છે - ''કૌન સુકૃત ઈન બ્લજવાસિન કૌ વદત વિરંચી શિવ શેષ.'' આ વ્રજવાસીઓએ એવા તે શું સત્કર્મો કર્યા કે પ્રભુ તેનમા માટે માનવ દેહ ધરી પ્રકટ થયા.

આ પ્રભુ જ્યોતિરૂપ છે. જગત ધામ છે. જગત ગુરુ છે. જગત પિતા છે. જગદીશ છે. યોગ, જપ, તપ અને વ્રતથી મેળવવા દુર્લભ છે. આવા પ્રભુ ગોકુલમાં પ્રગટ થયા. ગોકુળના ઈશ થયા.

જે પ્રભુના ઉદરમાં ત્રણ લોક છે જળ, સ્થળ અને પંચ તત્ત્વ છે તે પ્રભુ બાળક બની જશુમતિના ઘરે પલનામાં ઝૂલે છે.

પ્રભુના પ્રત્યેક રોમ કૂપમાં એક એક બ્રહ્માંડ છે. આવા પ્રભુને યશોદા માતા પોતાના ખોળામાં પધરાવી બે હાથથી બાથમાં લઈ લે છે. જેના નેત્રો સૂર્ય અને ચંદ્ર બની ત્રિવિધ અંધકાર નસાડે છે તેના નેત્રોમાં મા અંજન આંજી વધુ તેજ વાળાં કરે છે.

''કૌન સુકૃત ઈન વ્રજવાસિન કો વદત વિરંચી સિવ શેષ''. આ પદ સાંભળી શ્રીઆચાર્યજી ખૂબ જ પ્રસન્ન થયા. આ પદમાં સૂરદાસજીએ એવું તો શું કહ્યું કે શ્રીઆચાર્યજી પ્રસન્ન થયા? આવો તે રહસ્યને આપણે અવગાહિત કરીએ...

શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો છે. આ માર્ગ અનુસારનું જ પદગાન સૂરદાસજીએ કર્યું. કઈ રીતે ? તો આ માર્ગમાં પ્રભુના માહાત્મ્ય જ્ઞાન વાળો દૃઢ અને સર્વોપરી સ્નેહ શ્રીઠાકુરજીને અત્યંત પ્રિય છે. જીવ પાસે

પ્રભુનું માહાત્મ્યજ્ઞાન હોવું જોઈએ. આનાથી જીવ અપરાધ કરતો અટકી જાય. માહાત્મ્ય જ્ઞાન ન હોય તો અપરાધનો ડર જતો રહે. જીવ પ્રભુ સાથે ફાવે તેવું અને ગમે તેમ વર્તન કરે. પુષ્ટિમાર્ગમાં આ ન ચાલે.

લૌકિકમાં પ્રાયઃ બધાને કાયદાનું કંઈક જરૂરી જ્ઞાન હોય છે કે કોઈ અધિકારીની સત્તાનુંજ્ઞાન હોય છે તો બધા તેનું પાલન કરે કે અધિકારીને માન આપે. આવું ન કરે તો તેવી વ્યક્તિનો તેવું વર્તન ગુનો બને છે. તેની સજા પણ ભોગવવી પડે છે.

પુષ્ટિ માર્ગમાં બે અવસ્થા (દશા) છે. (૧) સાધન, (૨) ફલ. પ્રથમ દશામાં પ્રભુ માટે સ્નેહ જરૂરી છે. આ સ્નેહ પ્રભુના માહાત્મ્યના જ્ઞાનથી થાય. એક લૌકિક દૃષ્ટાંત જોઈએ. એક કન્યાના સગપણ માટે પ્રયત્નો ચાલે છે. મુરતિયા શોધવાની શરૂઆત થાય. ઘરના વડીલો કન્યાને મુરતિયા વિષે કહે કે આ છોકરો અમેરિકાનો સીટીઝન છે, ડેન્ટીસ્ટ છે. અમેરીકામાં ડેન્ટીસ્ટની કમાણી સારી હોય છે. છોકરો દેખાવડો છે અને છેલ્લે કહે કે તેના મા-બાપનો એકનો એક જ છે. બસ આવું મુરતિયા વિષે

જ્ઞાન થતાં જ કન્યા રાજી થાય કે નહીં? મુરતિયાને તે પળથી મનો મન ચાહવા લાગે કે નહીં?

અલૌકિક પુષ્ટિમાર્ગમાં આપણા બાધાના પતિ જ શ્રીનાથજી છે. શ્રીમહાપ્રભુજી આપણા લગ્ન આ અલૌકિક પતિ સાથે કરાવવા પ્રયત્નશીલ છે. શ્રીનાથજીના સ્વરૂપ, ગુણ અને લીલા જણાવે છે. આથી શ્રીનાથજી પર આપણે મોહી પડીએ. બ્રહ્મસંબંધરૂપ સંસ્કારથી પ્રભુને આપણા સ્વામી તરીકે સ્વીકારી લઈએ. આ પ્રથમ (સાધન) દશાની વાત થઈ.

બીજી ફલ અવસ્થા (દશા)માં તો પ્રભુનો સ્નેહ પત્થર પર ઘૂંટાઈ ઘૂંટાઈને મહેંદીના ઘટ્ટ રંગ જેવો બની જાય છે. આવો સ્નેહ વ્રજભક્તોએ શ્રીગોપીજનોએ પ્રભુને કરેલો. આવા ચરમ અને પરમ સ્નેહમાં શ્રીઠાકોરજીનું માહાત્મ્ય, દૂધમાં સાકર ઓગળે તેમ ઓગળી જાય છે. શ્રી ઠાકોરજી પોતાની પ્રભુતાને અતિક્રમીને પોતાના માહાત્મ્યને છોડીને શ્રીગોપીજનોની પાછળ પાછળ ડોલે છે.

સ્વામીની આજ્ઞા પાળવી તે સેવકનો ધર્મ છે, તે મર્યાદા છે પણ પુષ્ટિ પ્રભુ તો ભક્ત સ્નેહ પરવશ થઈ

ભક્તો (સેવકો) જે કાર્ય ચીંધે તે આનંદિત થઈ કરે છે. આ પુષ્ટિમાર્ગ છે. આ શ્રીગોપીજનોનો માર્ગ છે. આ પ્રેમલક્ષણા ભક્તિમાર્ગ છે. આ પતિવ્રતા સ્ત્રીનો માર્ગ છે. શ્રીગોપીજનોના પ્રેમપરવશ પ્રભુ માટે શ્રીરસખાનજી ગાય છે -

''શેષ મહેશ ગણેશ સુરેશ, દિનેશ
જાકો નિરંતર ગાવે,
જાકો વેદ અખંડ અભેદ બતાવે,
નારદ સે શુક વ્યાસ રટે,
પચિહારે તોઉ પાન ન પામે,
તાહે આહીર કી છોહરિયા,
છછિયા ભર છાશ પે નાચ નચાવે.

શ્રીભાગવતના દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણલીલાઓનું વર્ણન છે. પૂતના ને માતૃગતિ આપી સકટ, તૃણાવર્ત વગેરેને માર્યા. યમલાર્જુનનો ઉદ્ધાર કર્યો. બકાસુર, ધેનુકાસુરનો વધ કર્યો. કાલિયને નાથ્યો. આ રીતે ભગવાને પોતાનું માહાત્મ્ય વ્રજના જનોને બતાવ્યું છતાં વ્રજભક્તોનો પ્રભુપ્રેમ પરમ અદ્ભૂત છે. અનિવર્ચનીય

છે. આથી પ્રભુમાં ઈશ્વરભાવ ન જ થયો. સ્નેહ જ રહ્યો.

પ્રથમ સાધન દશામાં જીવ જાતે જ પ્રભુનું માહાત્મ્ય છોડીને મર્યાદા વગરનું કાર્ય કરે તો ભ્રષ્ટ થઈ જાય.

ફલ દશાનો શ્રેષ્ઠ સ્નેહ તો પ્રભુ જેને દાન કરે તેને જ મળે અને ત્યારે જ પ્રભુ માહાત્મ્ય ઓગળી જાય. માહાત્મ્ય છૂટવાની આ ક્રિયા સ્વતઃ અને સહજ છે, પ્રભુ કરાવે છે. પ્રાયઃ આપણા બધાનો સ્નેહ પતિ, પુત્ર, સ્ત્રી, કુટુંબ, દ્રવ્ય તથા આપણા દેહસુખમાં છે. આથી આપણે જાતે જ ભગવાનનું માહાત્મ્ય છોડીને લૌકિક રીત કરવા જઈએ તો નિશ્ચિત ભગવાનના અપરાધી બનીએ.

આ બધાનો સાર એટલો કે વેદ મર્યાદા સહિત અને શ્રીઠાકુરજીના ભય સહિત સેવા કરવી. સેવા સાવધાનીથી કરવી.

લૌકિક પ્રકારમાં આપણો અનુભવ છે કે ગમે તેવા મોટા અધિકારી કે વી.આઈ.પી. કે વી.વી.આઈ.પી. હોય, બધા તેમને આદર આપી માનથી વર્તતા હોય, મળવા એપોઈન્ટમેન્ટ લેવી પડતી હોય કે 'ક્યુ'માં ઊભા પણ

રહેવું પડતું હોય, તેવા વ્યક્તિઓના અંગત સ્નેહી કે જેમને તે વ્યક્તિઓ એ સ્નેહપૂર્ણ વર્તન કરવાનું જ કહ્યું હોય, અધિકાર આપ્યો હોય ત્યારે તેવાઓ એ બીજી કોઈ ફોર્માલીટી કરવી પડતી નથી. મોટા માણસને 'તું' કારો કરી ભેટી પણ પડીએ છીએ ને ?

આમ પ્રભુ જ્યાં સુધી બીજી અવસ્થા માટે પરમ સ્નેહનું દાન ન કરે ત્યાં સુધી જીવે તો પ્રથમ સાધન દશાનો માહાત્મ્યજ્ઞાન પૂર્વકનો સ્નેહ જ આપણા અલૌકિક સ્નેહીને સાવધાનીથી કરવો.

સૂરદાસજીને પુષ્ટિમાર્ગનો આ સિદ્ધાંત ફલિત થયો હતો. શ્રીમહાપ્રભુજી તેથી સરાહના કરતાં સૂરદાસજીને સમય સમયના શ્રીઠાકોરજીના કરીત્નની સેવા સોંપે છે. સેનભોગનો સમય થઈ ચૂક્યો છે આથી સૂરદાસજી કીર્તન માન ના પદો કરે છે. (૧) બોલત કાહે ન નાગરિ બૈન (૨) સુખદ સેજ મેં પોઢે રસિકવર.

આ રીતે પ્રાતઃકાળથી પોઢવા સુધીના હજારો કીર્તનો સૂરદાસજીએ ગાયા.

દિલ્હી પાસેના સિંહી ગામેથી સૂરદાસજીની જીવન યાત્રા શરૂ થઈ વ્રજમાં સ્થિર થઈ. આપના જીવન કવનના કંઈક પ્રસંગોની ઝાંખી કરીએ.

સૂરદાસજી એક સમય જઈ રહ્યા હતા. સાથે પાંચ-સાત વૈષ્ણવો પણ હતા. પ્રભુ ગુણગાન કરતાં માર્ગ કપાતો હતો. રસ્તામાં પાંચ-દસ માણસો મળ્યા. તે બધા બેસીને ચોપાટ રમતા હતા. રમતમાં તે બધા ખૂબ જ લીન થઈ ગયા હતા. રસ્તામાં કોણ જાય છે કે આવે છે તેની પણ ખબર તે બધાને હતી નહીં.

સૂરદાસજી જેવા ભક્તને ચોપાટ રમતા માણસો વિષે વિચાર આવ્યો કે આ બધા માનવ જન્મને વેડફી રહ્યા છે. તેમણે પોતાના સાથી વૈષ્ણવોને કહ્યું કે ભગવાને મનુષ્ય દેહ પ્રભુ સેવા માટે આપ્યો છે. આ બધા મનુષ્ય દેહનો દૂર ઉપયોગ કરી રહ્યા છે. આનાથી લૌકિકમાં જુગારી તરીકે તેમની નિન્દા થાય છે અને અલૌકિકમાં ભગવાનથી બહિર્મુખ થાય છે.

પુષ્ટિમાર્ગ ઝેરી વિચારોને પણ ઉન્નત વિચારોમાં

પરિવર્તિત કરે છે. જુગાર ગણાતી ચોપાટનું પણ ઉર્ધ્વીકરણ સૂરદાસજી શીખવાડે છે. ચોપાટ કઈ રીતે રમાય તે ગાઈને સમજાવે છે. ।। મન! તૂ સમઝ સોચ વિચાર. ભક્તિ બિન ભગવાન દુર્લભ કહત નિગમ પુકાર ।। સાધુ સંગતિ ડાર પાસા ફેરિ રસના સાર । દાવ અબ કે પર્યો પૂરો ઉતરિ પેલી પાર ।। છાંડિ સત્રહ સુન અઠારે પંચ હી કો મારા । દૂરિ તેં તજિ તીન કાને ચમક ચોંક વિચાર।। કામ ક્રોધે મદ લોભ ભૂલ્યો ઠગ્યો ઠગિની નારિ। સૂર હરિ કે પદ ભજન બિન ચલ્યો દોઉ કરિ ઝારિ ।।

ભક્તની અગાધ વાણી વૈષ્ણવો વાંચી ન શક્યા. સરલ સૂરદાસજી એ સહજમાં શબ્દ સાર સાથેનાઓને સમજાવ્યો. ચોપાટ રમવા અને ભગવાનના ભજન માટે ત્રણ વસ્તુઓ જોઈએ. સમજ, સોચ અને વિચાર. પહેલા ચોપાટ વિષે સમજશે તો ચોપાટ રમશે તે રીતે પહેલા ભગવાનને જાણશે તો ભજન કરશે.

બીજું સોચ - એટલે ગણિત અથવા ગણત્રી. રમતમાં ગણવું પડે કે આટલા પાસા પડે તો જીતાશે. જીવે કાલ (આયુષ્ય)ની ગણતરી કરવી પડશે અને તો જ પ્રભુના

શરણે જશે. "તુને રાત ગવાઈ સોય કે દિવસ ગવાયા ખાય કે, તેરા જીવન અનમોલ હૈ કાહે સુમિરન હોય ?"

ત્રીજી વસ્તુ વિચાર - દાવમાં એવા પાસા ફેકું કે મારી ગોટ (ચોપાટની ગોટી) મરે નહીં. ભક્તિ કરતો વૈષ્ણવ વિચારે છે કે જે કાર્ય હું કરું છું તે સારું છે કે ખરાબ છે ? ત્યારે તે ખરાબ કામ છોડી ભગવાનના રસ્તે ચાલે છે.

ચોપાટમાં પાસાના દાવ પડે તે સાથે બંને તરફના માણસો પોકારી ઉઠે છે કે આટલા દાણા પડયા. આ રીતે જગતમાં વેદ અને પુરાણ પોકારીને કહે છે કે ભક્તિ વગર ભગવાન મેળવવા દુર્લભ છે. ચોપાટ રમવી હોય તો બીજા માણસના સંગની જરૂર છે. આ જ રીતે ભગવાનની ભક્તિમાં ભગવદીય વૈષ્ણવની સંગતી હોય તો ભક્તિ વધે.

ચોપાટ રમનારના મનમાં પોતાના દાવ (વારો)નું સ્મરણ રહે છે અને તે પણ સ્મરણમાં રહે છે કે આ દાવ પડે તો જીતી જવાય.

ભક્તિમાં જીવ ભગવદ્ વાર્તામાં મન લગાવે અને બધા રસના સાર રૂપ ભગવાનના નામનું સ્મરણ કરે, કીર્તન કરે.

ચોપાટમાં યોગ્ય સમજ, સોચ અને વિચારથી સુંદર દાવ પડે તો ગોટી પાર જાય અને ઘરમાં આવે. ગોટી મરવાનો ભય દૂર થાય.

આ રીતે સંસાર સાગર પાર કરવા મનુષ્ય દેહને સંપૂર્ણ દાવ ખૂબ પુણ્ય કરતાં મળે છે. સંપૂર્ણ દાવ એટલે આ શરીરથી ભગવાનનો આશ્રય.

‘‘રાખિ સત્રે સુનિ અઠારે’’ની સમજ આપતાં સૂરદાસજી કહે છે કે ચોપાટમાં ૧૭ અને ૧૮ મોટો દાવ છે.

આ રીતે જગતમાં ૧૭ પૂરાણો છે તથા ૧૮મું શ્રી ભાગવત પુરાણ તિલક છે. આથી સત્તર છોડીને અઢારમાને (શ્રીભાગવતને) ધારણ કરી લે.

‘‘પંચ’’ એટલે પાંચ ઈન્દ્રિયો, પંચ પર્વા અવિદ્યા

(અજ્ઞાન). આને મારવાનું કહે છે. તે માટે શાસ્ત્ર પ્રમાણ આપે છે :-

પતંગ માતંગ કુરંગ ભૃંગ મીના હતાઃ પડ્‌ભિરેવ પંચ ।
એકઃ પ્રમાદી સ કથં ન હન્યતે યઃ સેવતે ષડ્ચેભિરેવ પંચ।।

(૧) પતંગ એટલે પતંગિયું તે દિવા ના પ્રકાશથી આકર્ષાઈ તેમાં પડે છે, મરે છે. આ નેત્રની ઈન્દ્રિયનો વિષય છે. (૨) માતંગ એટલે હાથી એમ કહે છે કે હાથીને પકડવા શિકારી ખાડો ખોદે. તેમાં હાથણીના પૂતળાને ઉતારે હાથી તેનો સ્પર્શ કરવા ખાડામાં પડે છે. પકડાય છે અને શિકારીઓ તેને મારી નાંખે છે. આ સ્પર્શ વિષય છે. (૩) કુરંગ એટલે હરણ. તે સુંદર સંગીત સાંભળે છે. સંગીત ગાનારાની નજીક આકર્ષાય છે. પકડાય છે, મરે છે. આ શ્રવણ વિષય થયો. (૪) ભૃંગ એટલે ભમરો. કમળની સુગંધથી આકર્ષાઈને કમળ કોશમાં પ્રવેશે છે. સાંજ પડયાની ખબર પણ રહેતી નથી. સાંજે કમળ કોશ બંધ થાય. ભ્રમર પૂરયા છે. મરે છે. ગંધ એ નાકનો વિષય છે. (૫) મીન એટલે માછલી. કાંટામાં આહાર લટકાવી

માછલીને પકડાય છે. આમ જીભના વિષયથી તે મરે છે.

જો એક એક વિષય મારવા સક્ષમ છે તો માનવ તો પાંચે વિષયનું સેવન કરે છે. કાલ નિશ્ચિત તેનું ભક્ષણ કરશે.

ચોપાટમાં જેમ ગોટી મારીએ તેમ આ પાંચે વિષયો મારવા. ચોપાટનો સાથી નાનો દાવ ત્રણનો. તે કોઈ ન ઈચ્છે. તે પ્રમાણે માયાના ત્રણ ગુણ સાત્વિક, રાજસ અને તામસ છે. આ ત્રણ સંસારનો ચોક છે. એમાં આ ત્રણેને ચતુરાઈથી નાખી ને તે તરફ ફરી જોવું નહીં.

ચોપાટમાં બધા સુધ-બુધ ભૂલી ઠગાય છે. તે રીતે જગતમાં બધા કામ, ક્રોધ વગેરેથી ઠગાય છે. ચોપાટમાં હારતાં બધા બે હાથ પકડી ઊભા થાય છે. પ્રભુ ભજન વિના બે હાથ પકડી મનુષ્ય દેહ છોડી દે છે. કંઈ જ પરોપકાર ન થયો ન સત્સંગ થયો.

સૂરદાસજી કૃત આ સમજથી સધળા પ્રસન્ન થયા.

સૂરદાસજીની જીવન યાત્રાનો એક બીજો પ્રસંગ જોઈએ. સૂરદાસજીએ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ભગવદ્

અવતાર અને ભગવદ્ લીલાના વર્ણન કરતાં સહસ્રાવધિ પદો કર્યા આથી શ્રીમહાપ્રભુજી સૂરદાજીને ''સૂર સાગર'' કહી સંબોધતા. સૂરદાસજીના પદો જ્યાં ત્યાં બધા શીખતા અને ગાતા. સૂરદાસજીના સમયે અકબર રાજાનું શાસન હતું. તાનસેનજીએ સૂરદાસજીનું એક પદ સાંભળ્યું, શીખ્યું અને અકબર રાજાની સન્મુખ ગાયું. આ પદમાં સૂરદાસજીએ ભક્તના લક્ષણો ગાયા છે.

ભક્તની કોઈ નિંદા કરે છે. કોઈ મારીને ધન પડાવી લે છે તો કોઈ વંદન કરે છે. કોઈ ભક્તને ચંદન સમર્પે છે, તો કોઈ ધૂળ ફાકવા આપે છે. કોઈ તેને મૂરખ અને મહા અધર્મી કહે છે તો કોઈ વિલક્ષણ કહે છે. આ બંને અંતિમો કે બે ધ્રુવો જેવી પરિસ્થિતિમાં ભક્તને સારું કે નરસું મનમાં આવતું નથી. એક ક્ષણ પણ કૃષ્ણભક્તિ છૂટતી નથી. આ રીતે જેને સુખ કે દુઃખ સ્પર્શતા નથી તેને શ્રી ઠાકોરજી તરત જ પ્રાપ્ત થાય છે.

''યહ સબ જાનો ભક્ત કે લચ્છન''... રાજા અકબરે ઈચ્છા વ્યક્ત કરી કે આવા લક્ષણવાળા ભક્તનો મેળાપ થાય તો સારૂં. તાનસેનજી એ આ પદ રચયિતા સૂરદાસજી

વિષે માહિતી આપી - અકબર રાજાએ પોતાના ચાકરો દ્વારા સૂરદાસજીને માન સહિત પોતાની પાસે તેડાવ્યા. આદર સન્માન કર્યું અને વિષ્ણુ પદ સંભળાવવા વિનંતી કરી. સૂરદાસજીનું મન તો માધવમાં મળી ગયું છે. પોતાના મનનું મિષ કરી રાજા અને ઉપસ્થિત સૌને સમજાવે છે મન રે તૂ કરી માધૌં સો પ્રીતિ । કામ, ક્રોધ, મદ, લોભ, મોહ વગેરે તો ઊલટી રીતિ છે. યોગ્ય રીતિ તો માધવની પ્રીતિ છે. આવી પ્રીતિ પર પ્રકાશ પાથરવા સૂરદાસજી પ્રમાણો આપે છે. ભોગી ભમરો વનમાં ભ્રમે છે. બધા પુષ્પોને નિરસ કર્યા છતાં તેને આનંદ નથી મળતો પણ કમળમાં બંધાવામાં મોદ માને છે.

ચાતક તરસ છિપાવા સ્વાતિ નક્ષત્રના મેઘની રાહ જોતો દુઃખ પામે છે. પણ અન્ય પાસે યાચના કરતો નથી.

કમળ સરોવરમાં રહી સૂર્યથી પ્રેમ કરે છે. સરોવર સૂકાતા કમળ પોતાના પ્રાણ ત્યજે છે પણ સૂર્યનો પ્રેમ છોડતુ નથી. પતંગિયું દીવામાં જલી મરે છે પણ તેના ચિત્તમાં અગ્નિ માટે જે પ્રેમ છે તે ઓછો થતો નથી.

માછલું પાણીના વિયોગ સહન કરી શકતું નથી. પાણી સૂકાતાં તે પણ સૂકાઈ જાય છે. (મરી જાય છે) આ બધાનો પ્રેમ પ્રાણ જાય તો પણ ઘટતો નથી.

પારેવું પ્રેમનું પણ લઈ આકાશે ઉડે છે. આકાશ આંબતા થાકી ભૂમિ પર પટકાઈ જાય છે. હરણ શિકારી પાસે સંગીત સાંભળી પહોંચી જાય છે. ત્યાં એ જુએ છે કે શિકારીનું બાણ તેને મારવા આવી રહ્યું છે છતાં તે શ્રવણમાં પ્રેમ દાખવી પાછા ડગ માંડતું નથી.

પતિ પાછળ ચિતામાં જૌહર કરતી સ્ત્રીઓને ચિતા ભય ઉપજાવી શકતી નથી. તેતો પિયના સંગમાં જ રાચે છે. ચોરી કરીને ચોર માર સહન કરવા તૈયાર છે ચોરી છોડવા માંગતો નથી. કેવો ચોરી માટે પ્રેમ ?

બધા રસોમાં પ્રેમ શ્રેષ્ઠ રસ છે. પણ વિષઈ લોકો વાસના રત જ છે. તેમ કરતાં તન, મન, ધન અને જોબન ખરચાય છે છતાં હાર માનતા નથી. પ્રભુ રૂપી રત્ન મળ્યું, તેમની કથાઓ સાંભળી છતાં વિષયી બનવામાં લાજ નથી આવતી.

હરિ, ઈશ્વર અને ભગવાન જ આપણા સદાના સંગાથી છે. જીવન પ્રાણ છે, તેને વિસરી ચૂક્યા છે.

વેદ પુરાન પ્રભુનું સ્મરણ કરે છે. દેવોથી વૃક્ષો સુધી બધા તેમને સેવે છે. છતાં તું મહામોહથી અજ્ઞાન વશ બની પ્રભુને યાદ કરતો નથી.

ઉપર જોયું કે પારેવાનો આકાશ પ્રેમ, મૃગનો સાંભળવામાં, માછલાનો પાણીમાં, પતંગિયાનો અગ્નિમાં જેવો સ્નેહ છે. આવા સ્નેહીઓને મેં બધે શોધ્યા પણ કેટલા મળે ?

પ્રભુ જ પૂર્ણ છે, પવિત્ર છે, સખા છે, પ્રાણનાથ છે, પરમ દયાળુ, કૃપાળુ અને કૃપાનિધિ છે. જીવન તેમના હાથમાં છે.

ગર્ભવાસના ત્રાસ વખતે તારી સાથે ભગવાન સિવાય બીજું કોણ હોય છે ? ત્યાં પણ દિવસ રાત પોષણ કરે છે. ગર્ભવાસના દુઃખમાંથી છોડાવી પયપાન દે છે.

પ્રભુએ જડમાંથી ચેતન કર્યું. પગ, કેશ, હાથ, નખ, આંખ, નાક અને કાન વગેરે આપ્યા. પ્રસંગે પ્રસંગે ભોજન

અને વસ્ત્ર આપ્યા. માતા-પિતા અને ભાઈ વગેરે મળ્યા. નવી રુચિ કરી. નવી ઓળખાણ કરી. પત્ની, પુત્ર, ધન, ઘર વગેરે રૂપ કુટુંબ પરિકર વધતો જ રહ્યો તું હવે મોહિત થયો, વિષયી બન્યો, કામે ચિત્ત આકર્ષી લીધું. ખાવા પીવામાં અને પહેરવા ઓઢવામાં જુવાની સરી ગઈ. રાત્રિ દરમ્યાન પરસ્ત્રી સંગ કરનાર કામુક સવારે ભયભીત બને છે. આવી હાલત તારી થઈ ગઈ છે. ધન, સુખ જેમ વધતું ગયું તેમ તેમ શરીરમાં કામદેવની પણ વૃદ્ધિ થતી ગઈ. પરિણામે પ્રભુ રૂપ સખાનો સંગ ખોયો. જ્યારે જાણ્યું કે આ રીતે જીવતા બધા અપયશ લઈને જ મરે છે, જમદૂતનો માર સહવો પડે છે, પણ આ વખતે ખૂબ મોડું થઈ ગયું હોય છે. આવા કુમતિવાળા જીવો હરિનાગરનો નેહ વિસરી છિલ્લર જેવા વિષય સુખને ચાહે છે. સૂરદાસજી મનને કહે છે કે કેટલી બધીવાર તને સમજાવ્યું પણ તને લાજ નથી આવી. એક અંગથી પણ તેં હરિને ન ભજ્યા. આથી તું સઠ છે. ગમાર છે.

સંસારમાંથી વૈરાગ્ય માટે શ્રીઠાકુરજીના ચરણકમલમાં મન લગાડવા, દુ:સંગના ભયને મટાડવા,

સત્સંગમાં મન સરી જાય એવું કરવા, દેહ વગેરેના સ્નેહ અને લૌકિક આસક્તિમાંથી છૂટવા શું કરવું જોઈએ? જવાબ એક જ છે ઉપરના કીર્તનથી મનને બોધ કરવો. તો જ પ્રભુમાં અલૌકિક પ્રેમ થાય અને વધે.

રાજા અકબરને ભક્તરાજની પરીક્ષા લેવાની ઈચ્છા થઈ. સૂરદાસજીને કહે છે હું રાજા છું. ગુણીજનો મારો યશ ગાય છે તેમને હું દ્રવ્ય આપું છું. તમે પણ ગુણી જન છો મારો યશ ગાવો અને તમારા મનમાં જે ઈચ્છા હોય તે પ્રમાણે માંગી લો. ત્યારે ભક્તવર કહે છે, ‘‘મારા મનમાં કોઈ જ કામના નથી. મન માધવમાં મળી ગયું છે. બીજા માટે જરા પણ જગા નથી. બીજા માટે જગા કરવા નંદનંદનને છોડવા પડે. તે શક્ય નથી. દિવસે કે રાત્રિમાં, ચાલતા, સોતા, જાગતા કે સ્વપ્નમાં મનદમોહનની મૂરતિ મારા હૃદયમાંથી ક્ષણ પણ ખસતી નથી. મને ગમે તેટલો લોભ બતાવો પણ મને કશું જ નહીં સ્પર્શે. મારું ચિત્ત પ્રેમ પૂરિત ઘડા જેવું થઈ ગયું છે. તેમાં લૌકિક કામના રૂપી સાગર સમાશે નહીં. મારા પ્રભુનો શ્યામ વિગ્રહ (શરીર) છે. કમળ જેવું મુખ છે, લલિત ગતિ છે, મૃદુ

મુસ્કાન છે. આવા સ્વરૂપના દર્શન માટે જ મારા નેત્રો તરસ્યા છે. '' ''નાહિન રહ્યો મન મેં ઠૌર''. વાહ! ભક્તોની કેવી બુલંદી છે? રાજા વિચારે છે કે આ મારો જશ શું કરવા ગાય? આ જ ઈશ્વરના સાચા ભક્ત છે.

રાજા, સૂરદાસજીના પદને વાગોળતા પૂછે છે કે તમે એમ કહો છો કે તમારા નેત્રને પ્રભુદર્શનની પ્યાસ છે. પણ તમારે તો નેત્ર જ નથી. તો કઈ રીતે તરસે મરશે?

અભય પ્રાપ્ત કર્યું છે તેવા સૂરદાસજી પ્રત્યુત્તર આપે છે કે નેત્ર તો બધાને છે પણ પ્રભુના દર્શનની પ્યાસ કોને છે? જેના નેત્રો હરિદર્શનના પ્યાસા છે તે તો ભગવાન પાસે જ રહીને ક્ષણે ક્ષણે પ્રભુના સ્વરૂપનંદનું પાન કરે છે અને છતાંય હંમેશા પ્યાસા જ રહે છે.

રાજાએ પરીક્ષા રૂપી છેલ્લો પાસો નાંખતા ભક્તને કહ્યું કે, ''બાબા મને કંઈક તો આજ્ઞા કરો.'' ત્યારે આ ભક્તપ્રવર નિડરતાથી કહે છે, ''આજ પછી મને ક્યારે પણ બોલાવતા નહીં. મને મળતા પણ નહીં.''

રાજા વિવેકી છે. સાચા ભક્તની તેને પરખ છે.

હવે તે સૂરદાસજીના પદો માટે આસક્ત બની ગયો. સૂરદાસજીનું પદ તેની પાસે જે લઈને આવે તેને તે ઈનામ આપતો. આ પદો તે ફારસી ભાષામાં લખાવી વાંચતો. પૈસાની લાલચમાં કેટલાક પંડિતો અને કવિઓ જાતે પદો રચી સૂરદાસ છાપ ધરી રાજાને વંચાવતા. આવા બનાવટી પદોને અલગ કરવા રાજા એક પરીક્ષા કરતા રાજા પોતાની પાસેના સૂરદાસના મૂળ પદને કાગળમાં લખાવતા. બનાવટી પદને પણ કાગળમાં લખાવતા. આ બંને કાગળો જળપાત્રમાં મૂકી ઈશ્વરને ન્યાય આપવા વિનવતા. જે બનાવટી પદ વાળો કાગળ હોય તે ભીંજાઈ જતો. સૂરદાસના પદનો કાગળ કોરો રહેતો. રાજાની એ માન્યતા હતી કે ભગવદીયોને ભગવાન મળ્યા છે. આથી તેમના પદ ગાવાથી જ સંસાર તરાશે. બીજાના પદો ડૂબાડશે.

સૂરદાસજી આ રીતે ગોપાલપૂરમાં બિરાજી પર્વત પર શ્રીજીબાવાના કીર્તનો કરતાં સમય મળે ગોકુલ પણ આવતાં. નવનીતપ્રિયજીના દર્શન કરતાં પદો પણ ગાતાં. શ્રીગુસાંઈજી તથા આપશ્રીના બાળકો કહેતા કે અમે જેવા શૃંગાર શ્રીઠાકોરજીના કરીએ છીએ તેવા જ પદો સૂરદાસજી

ગાય છે. પ્રભુની તેમના પર ખૂબ કૃપા છે.

એક સમયે શ્રીગુસાંઈજી શ્રીગિરિરાજ પધાર્યા. શ્રીગોકુલમાં શ્રીગિરિધરજી, શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી તથા શ્રીગોકુલનાથજીએ ચાર ભાઈઓ રોકાયા. ત્રણ નાના ભાઈઓને સૂરદાસજીની પરીક્ષા કરવાની ઈચ્છા થઈ. આપશ્રીઓએ મોટાભાઈ શ્રીગિરિધરજીને વિનંતી કરી કે શ્રીનવનીતપ્રિયજીને અનોખો શણગાર કરીએ. સૂરદાસજીને કંઈ જ કહેવું નહીં અને પછી જોઈએ તે કેવું કીર્તન કરે છે?

શ્રીગિરિધરજીએ ત્રણે ભાઈઓને સમજાવ્યું કે સૂરદાસજી ભગવદીય છે તેમના હૃદયમાં સ્વરૂપાનંદનો અનુભવ છે. આથી તે વર્ણન કરી શકે છે આવા ભગવદીયની પરીક્ષા થાય નહીં. પણ છેવટે પરીક્ષા લેવાનું નક્કી થયું.

ગરમીના દિવસો હતા. બીજા દિવસે શ્રીનવનીતપ્રિયજીને જગાડયા, મંગળભોગ ધર્યો. સ્નાન કરાવી શણગાર ધરાવા લાગ્યા. વસ્ત્ર ધર્યા નહીં પણ શ્રી

મસ્તકે મોતીની બે લર. મોતીની બાજુ પહોંચી, કટિ પર કિંકની, નુપૂર, મોતીના હાર તિલક, નકવેસર અને કર્ણફૂલ ધર્યા. બીજું કાંઈ જ નહીં.

જગમોહનમાં બેઠેલા સૂરદાસજીના હૃદયમાં આ અનુભવ થયો. સૂરદાસજી અંત:ચક્ષુથી જુએ છે કે પ્રભુએ કેવલ મોતી ધર્યા છે. વસ્ત્ર ધર્યા નથી. શણગારના દર્શન ખૂલ્યા. શ્રિગિરિધરજી આજ્ઞા કરે છે કે સૂરદાસજી કીર્તન કરો. સૂરદાસજી જોયું એવું ગાયું તે ન્યાયે કહે છે, ''દેખેરી હરિ નંગમનંગા''. બધા બાળકો ખૂબ પ્રસન્ન થઈ ગયા. સૂરદાસજીને લઈ બધા બાળકો શ્રીજીદ્વાર આવ્યા. શ્રીગુંસાઈજીને સમગ્ર પ્રસંગ કહ્યો. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે સૂરદાસજીને આઠે પ્રહર પ્રભુલીલાનો અનુભવ છે. પુષ્ટિમાર્ગના જહાજ છે. સૂરદાસજી સાથે એક વ્રજવાસીનો છોકરો રહેતો. તેનું નામ ગોપાલ હતું તે સૂરદાસજીના બધા કાર્ય કરતો. એકવાર સૂરદાસજીને મહાપ્રસાદ ધરી ગોપાલ છાણા લેવા ગયો. ત્યાં બીજા વૈષ્ણવો સાથે વાતોમાં લાગી ગયો. અહીં સૂરદાસજીને પ્રસાદ લેતાં કોળ ગળામાં અટક્યો. ડાબા હાથથી પાણીનો

લોટો સોધે પણ ગોપાલ મૂકવાનું ભૂલી ગયેલો તેથી મળ્યો નહીં. સૂરદાસજીથી બોલાય નહીં. વ્યાકુળ બની ગયા ત્યારે શ્રીનાથજી બાવા ઝારીજી લઈને પધાર્યા અને સૂરદાસજી આગળ ધરી દીધી.

શ્રીગુસાંઈજીએ આ વાત જાણી. સૂરદાસજીને કહ્યું કે પ્રભુએ તમારા ઉપર ખૂબ કૃપા કરી છે. વૈષ્ણવ ભક્ત કહે છે કે મહારાજ! આ બધું આપની કૃપાથી બન્યું છે. હું તો પતિત છું. શ્રીનાથજી મને કઈ રીતે ઓળખે? આ બધું શ્રીઆચાર્યજીની કાનિથી અંગીકાર કરે છે. શ્રીગુસાંઈજી સરાહના કરે છે કે તમે ભગવદીય છો. આથી જ આવી દીનતા તમારામાં છે.

શ્રીગિરિરાજજીની તળેટીમાં ગોપાલપુર ગામ છે. ત્યાં એક વાણિયો રહેતો. પર્વતની નીચે તેની દુકાન હતી. સીધુ-સામાન વેચતો. તેણે શ્રીગુસાંઈજીની શરણાગતિ કરી ન હતી. શ્રીનાથજીના દર્શન કરવા પણ જતો નહતો. મંગળાના સમયે દુકાન ખોલતો. દર્શન કરીને પાછા ફરતા વૈષ્ણવ પાસેથી શ્રીનાથજીએ શું ધર્યું છે વગેરે પૂછી લેતો. તેની દુકાને આવતા વૈષ્ણવો આગળ તે વર્ણન કરી

વૈષ્ણવોના દિલ જીતી લેતો. ગળામાં માળા પહેરી, આછું તિલક કરી દંભ પણ કરતો અને આ રીતે વૈષ્ણવોને ઠગતો. ખૂબ દ્રવ્ય કમાયો.

શ્રીનાથજીબાવાએ આવા પાખંડીનો પણ ઉદ્ધાર કરવાનું વિચાર્યું. આ વાણિયાને સૂરદાસજી મળી ગયા. વાણિયાએ કપટ ભરી વાણીથી સૂરદાસજીનું મન જીતવા પ્રયત્ન કર્યો. સૂરદાસજી તેના કપટને પામી ગયા પણ ભગવદીયોના દિલ ઋજુ હોય છે. સૂરદાસજીએ વિચાર્યું કે આનું કપટ છોડાવવું જોઈએ. આથી એમણે વાણિયાને કહ્યું કે તું વૈષ્ણવ નથી. તું દર્શન કરતો નથી, બધા પાસેથી શ્રીજીના શણગારની માહિતી મેળવી બધાને કહે છે. આ રીતે તું બધાને છેતરે છે. હું આ વાત બધાને કહી દઈશ. વાણિયો કહે છે કે દુકાન છોડી દર્શને જઉં તો ગ્રાહકો પાછા જાય. બીજાની દુકાને જાય, મારા પાસે એવો કોઈ માણસ નથી જે દર્શન થયાની જાણ મને કરે.

સૂરદાસજી કહે છે કે હું તને જાણ કરીશ. તો તું દર્શને આવીશ? વાણિયાને હમણાં તો આ પકડમાંથી છૂટવું હતું, કહ્યું કે આવીશ. સૂરદાસજી સમય સમયના

દર્શનની જાણ કરવા લાગ્યા પણ આ લોભી વાણિયો કંઈકના કંઈક બહાના બતાવી દર્શને જવાનું ટાળતો. આમ ત્રણ દિવસ વીત્યા. સૂરદાજીએ કહી દીધું કે હવે તારી પોલ ખોલીશ. વાણિયાને કહ્યું, ''આજે કામ છે, કાલે કામ છે, પરમ દિવસે પણ કામ છે. તારે કેટલું કામ છે ? જાગતા પણ કામ, સોતા પણ કામ છોડ. શ્યામનું સ્મરણ કરી તેમના શરણે જા.'' વાણિયો ગભરાયો. સૂરદાસજી સાથે દર્શન કરવા આવ્યો. સૂરદાસજીએ વાણિયાનો ઉદ્ધાર કરવા પ્રભુને વિનંતી કરી. ભગવદીયના સંગથી વાણિયો કૃતાર્થ થયો. શ્રીનાથજીએ દર્શનના મિષથી વાણિયાનું મન હરિ લીધું. વાણિયો શ્રીગુસાંઈજીનો સેવક બન્યો. સૂરદાસજીને કહ્યું કે તમે સાઠ વર્ષના બુઢા બેલને નાથ્યો. વાણિયાએ સઘળી સંપત્તિ પ્રભુના તથા પ્રભુચરણોના ચરણકમળમાં ભેટ કરી દીધી.

મહાનુભાવ સૂરદાસજી એક મહાન સંત પણ છે. શ્રીમોરારી બાપુના શબ્દોમાં કહું તો, ''સંત મત અને લોક મત સાથે ચાલી શકતા નથી.'' આથી તો સૂરદાસજીએ ચોપાટ (જુગાર) રમતા લોકોની રમતમાં પણ હકારાત્મક રૂપી ઉર્ધ્વગામી સમજ આપી.

સંત અને વસંત એક રીતે સમાન છે. ઋતુ વસંત મરૂ ભૂમિને બાગમાં પરિવર્તિત કરે છે. સંત જીવન વનને બાગમાં.

સાંપ્રત કાળ માનવ જીવનમાં અશાંતિ અને અરાજકતાને આવકારીને અમૂલ્ય જીવન શુષ્ક અને રસહીન બનાવે છે. આ માટેની ઘણી પ્રક્રિયાઓ હોઈ શકે છે. તે પૈકી મુખ્ય છે, સહન શક્તિનો અભાવ. મહાનુભાવ સંત સૂરદાસજી આથી જ પોતાના મનના માધ્યમથી માનવ સમાજને સમજાવે છે કે સહનશીલ બનો. સહનશીલતા જ જીવનનો સાર છે. સહનશીલ વ્યક્તિ જ વાસ્તવમાં જીવન જીવે છે, માણે છે.

સામાન્યતઃ દુઃખને પચાવવા અને તે પણ હસતાં હસતાં એ જ દુઃખ સહન કરવા કહેવાય. દુઃખના રોદણા રડવાના ન હોય. આ જીંદગી જ ''સુખ અલ્પ અને દુઃખ અધિક''થી ભરેલી છે. સાગરમાં જેમ ભરતી ઓટ છે તે જ રીતે સંસાર સાગરમાં સુખ અને દુઃખ છે. આંગળીઓ વચ્ચેથી જળ જેમ સરી જાય છે. દુઃખ પણ વહી જશે. તે

સમયે સહનશીલતા આપણાને સંભાળી લેશે. ઘણા વખત પહેલાં ચિત્રલેખામાં ઈશિતાજીએ લખેલ એક વાક્ય યાદ આવે છે, તે કંઈક આ પ્રકારે છે - ''વ્યક્તિ એક જ વાતથી ત્રણવાર દુઃખી બને છે.'' મને આવી તકલીફ આવશે તો ? એ વિચારથી પહેલીવાર દુઃખી બને છે. દુઃખ (તકલીફ) ખરેખર આવે ત્યારે બીજીવાર અને તકલીફ ગયા પછી તેને યાદ કરી કરીને ત્રીજીવાર.

દુઃખોનો સામનો કરવાની શ્રીવલ્લભાચાર્યજીની રીત અનોખી છે. આપશ્રી આજ્ઞા કરે છે કે જીવન પર્યંત દુઃખો સહન કરવાં. આનું નામ ધૈર્ય છે. અંગ્રેજીમાં આ પેશન્સ, ટોલનરન્સ અને ઈન્ડયોરન્સ તરીકે ઓળખાય છે. આપશ્રીના મતે દુઃખો ત્રણ પ્રકારના છે. (૧) આધિભૌતિક - આ દુઃખ દેહ સંબંધી છે. (૨) આધ્યાત્મિક - આ ઈન્દ્રિયો અને મન સંબંધી છે. (૩) આધિદૈવિક - આ દુઃખ આત્મા સંબંધી છે.

આ ત્રણે દુઃખો સદા સહન કરવા. સહન કરવું એટલે શારીરિક માનસિક અને વાચિક રીતે દુઃખને જીરવી જવું. તે અંગ કોઈ પણ ફરિયાદ ન કરવી.

ત્રણેય દુઃખો સહન કરવા માટેની સમજ પણ આપશ્રીની આગવી છે.

(૧) શરીરના રોગો, ભૂખ વગેરે દેહસંબંધી આધિભૌતિક દુઃખો છે. આવા દુઃખો છાશની જેમ સહવા. ગમે તેવી ખાટી છાશ પૌષ્ટિક માખણ આપે છે. શ્રીઠાકોરજીની સેવા તથા સમાજને ઉપયોગી થવાની શક્તિ માખણ જેવી છે. આવી શક્તિ ગુમાવ્યા પછી શરીર ઉપયોગી રહેતું નથી એટલે જે શારીરિક દુઃખો સહતાં સહતાં સેવા અને સદાચારો નિભાવતા રહેવા. આ માટે શરીર સાધન છે. તેથી આરોગ્યની કાળજી જરૂર લેવી.

એક બ્રાહ્મણીને એક રાજા તેના સૂતા પતિ અને નાના પુત્ર પાસેથી ઉઠાવી ગયો. પુત્રને ભૂલી બ્રાહ્મણ પત્નીને શોધતો પેલા રાજાના રાજ્યમાં આવ્યો. બ્રાહ્મણીએ તેને જોયો. બ્રાહ્મણીએ કપટથી રાજાને માર્યો અને બ્રાહ્મણ પાસે આવી. આ વખતે સાપ કરડવાથી બ્રાહ્મણ મરી ગયો હતો. બ્રાહ્મણી ભટકતી ભટકતી વેશ્યા બની.

નાનો છોકરો વઝારાના હાથમાં પડયો. મોટો થતાં

તે પેલી વેશ્યા પાસે આવ્યો. પુત્ર જાણતો નથી કે આ મારી મા છે. પાપાચરણ થયું.

આ સત્ય જ્યારે જાણ્યું ત્યારે ચિતામાં બેસી ગયી બળવા લાગી. ત્યાં જ ખૂબ વરસાદ થયો. બચી ગઈ. પાછી ભરવાડના હાથમાં આવતાં તેની પત્ની બની. પત્ની બની તે તેની સહેલી સાથે જતી હતી. દૂધ-દહીં વેચવાના હતા. ત્યાં કાદવમાં બધી સ્ત્રીઓ લપસી. દૂધ-દહીં ઢોળાયા, બધા રડયા. પણ આ બાઈ નુકશાન થયા છતાં હસતી હતી. તેના કારણમાં તે કહે છે કે, જીવનમાં ઘણું ગુમાવ્યું છે તેની સામે આ દૂધ, દહીં કે છાશ ગયા તેની કોઈ વિસાત નથી.

પ્રભુ સમર્પણ અને આશ્રય વ્યક્તિને નિશ્ચિંત કરે છે. મૃત્યુનો ડર પણ રહેતો નથી. સહન શક્તિ મળે છે. (૨) ઈન્દ્રિયો અને માનસિક દુઃખો આધ્યાત્મિક છે. તે જડ ભરતજીની જેમ સહવા. ભરત રાજા હતા. ઋષિ બન્યા છતાં હરણના બચ્ચામાં આસક્તિ થઈ. બીજે જન્મે હરણ બન્યા. ત્રીજા જન્મે બ્રાહ્મણના ત્યાં જન્મ્યા. પૂર્વ જન્મ યાદ હતો તેથી સ્થિતપ્રજ્ઞ યોગી બની દુઃખ અને અત્યાચાર

વેઠયા. બહારથી શાંત રહ્યા. પ્રયત્નપૂર્વકના સેવા સ્મરણથી આવા દુઃખો કષ્ટ કરતાં નથી.

(૩) આત્મા સંબંધી આધિદૈવક દુઃખ શ્રીગોપીજનો માફક સહન કરવા. રાસ પ્રસંગે પ્રભુએ વેણુનાદ કર્યો. આ વખતે કેટલાક ત્યાં પહોંચ્યા, કેટલાંક ન પહોંચ્યા. પહોંચ્યા તેને પ્રભુ પાછા જવા કહે છે.

આ પ્રકારના દુઃખ પ્રારબ્ધ ભોગ માટે કે પરીક્ષા રૂપે હોય છે. પ્રભુ પોતાના સ્વરૂપના આનંદનું દાન ભક્તોને કરવા ચાહે છે. આ વખતે ભક્તોના શરીર, મન અને આત્માને લાયક કરવા આવું વિરહનું દુઃખ આપે છે. આધિભૌતિક દુઃખ સહન કરતાં શરીરથી, આધ્યાત્મિક દુઃખ સહન કરતાં મનથી અને આધિદૈધિક દુઃખ સહન કરતાં વાણીથી આશ્રય સિદ્ધ થાય છે.

સૂરદાસજી શ્રીમહાપ્રભુજીના આશ્રિત છે તેથી જ શ્રીવલ્લભના સિદ્ધાંતનો પ્રતિઘોષ કરતાં કહે છે સહન બરાબર રહન નહીં. અય મન કરલે સહન. સહન સબનકા સાર હૈ યે સૂરદાસ કી કહન.

''દુઃખમાં પ્રભુને ફરિયાદ ન કરતાં ફરી યાદ કરવા.''

।। श्री हरिः ।।

परिषद् क्यों?

आज जनतन्त्र का युग है । जनतंत्र में संगठित आवाज को ही सुना जाता है। किसी सम्प्रदाय या समाज की उन्नति के लिये यह आवश्यक है कि उसके सदस्यों में विचारों का पारस्परिक आदान-प्रदान होता रहे और समस्याओं को हल करने के लिए संगठित प्रयास हो । संगठन के अभाव में उनकी सर्वथा उचित माँगो पर भी कोई ध्यान नहीं देता ।

महाप्रभु श्रीमद् वल्लभाचार्यजी के अनुयायी पुष्टिमार्गीय वैष्णवों को भी संगठन के सूत्र में बाँधना युग की माँग है। यदि श्री महाप्रभुजी के मानव कल्याणकारी संदेश को जन-जन तक पहुँचाना है तो उनके साहित्य के संरक्षण और लोक भाषा में उसके प्रकाशन के लिये योजनाबद्ध कार्य करना होगा । यह विराट कार्य एक व्यवस्थित संगठन द्वारा ही संभव है । यह कार्य पुष्टिमार्गीय वैष्णव परिषद् को करना है ।

पुष्टिमार्गीय परम्पराओं और मर्यादाओं पर पूज्य गोस्वामी बालकों और मंदिरों की व्यवस्थाओं पर तथा हमारे आचार विचारों पर अनेक प्रकार के निराधार आरोप और आक्षेप समय-समय पर लगाये जाते रहे हैं । इससे हमारे सम्बन्ध में गलत धारणाएँ बनती हैं । उसका प्रतिकार करने के लिये भी वैष्णवों का उचित संगठन होना नितान्त आवश्यक है ।

नई पीढ़ी को वैष्णव संस्कारों और धार्मिक शिक्षा की नितांत आवश्यकता है । उसके लिये व्यवस्थित रूप से संस्कार शिविरों, पाठशालाओं, धार्मिक पुस्तकों आदि की आवश्यकता है। यह महान् कार्य को केवल सुदृढ़ केन्द्रीय संगठन ही कर सकता है। समाज में अनेक प्रकार की बुराईयाँ व्याप्त हैं । उन्हें केवल और केवल सत्साहित्य, सत्संग और सत्प्रयासों से ही दूर किया जा सकता है।

शेष अंदर के पन्नो पर

इन सब महत्त्वपूर्ण कार्यों के लिये अपनी भूमिका निभाने हेतु अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद् हमेशा तैयार थी, तैयार है और भविष्य में भी तैयार रहेगी । यह प्रत्येक पुष्टिमार्गीय वैष्णव की अपनी संस्था है, उनका अपना संगठन है । आप पुष्टिमार्गीय वैष्णव हैं । जगद्गुरु श्रीमद्वल्लभाचार्यजी के दिव्य सिद्धान्तों, सेवा-प्रणाली तथा जीवन-पद्धति को गहराई से समझने और अपने-अपने परिवार के सदस्यों को समझाने और उसका परिपालन करने के लिये आप भी इस केन्द्रीय संगठन से जुड़े हैं । परिषद् युगनिर्माणकारी कार्यक्रम चला रही है । इसमें आपका भी हार्दिक स्वागत है । आइये अपनी प्रतिभा, अपनी योग्यता और अपने सभी साधनों द्वारा वैष्णव समाज को उन्नत बनाने में पूरा-पूरा सहयोग दीजिये ।

किसी की चार दिन की जिन्दगी, सौ काम करती है ।
किसी की सौ वर्ष की जिन्दगी कुछ काम नहीं करती ।।

साभार -
अंतर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
केन्द्रीय कार्यकारिणी
वर्ष २००९-२०११
परिचय-पुस्तिका